# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૩૬ તા.૧૮-૦૩-૨૦૨૧

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય:- કોવિડ-૧૯ સંક્રમણની વધતી જતી પરિસ્થિતિને કારણે સાવચેતીના પગલા રૂપે પ્રથમ સત્રાંત નિદાન કસોટી મોકુફ રાખવા બાબત.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, તા.૧૫-૦૩-૨૦૨૧ના રોજ ધોરણ ૩ થી ૮ની પ્રથમ સત્રાંત નિદાન કસોટી શરૂ થયેલ છે. પરંતુ હાલમાં કોરોનાના સંક્રમણ વધતા સાવચેતીના પગલાં રૂપે આવતીકાલ એટલે કે તા.૧૯-૦૩-૨૦૨૧થી બીજી સુચના ન મળે ત્યાં સુધી ધો.૬ થી ૮ના વિદ્યાર્થીઓની ઓફલાઈન પરીક્ષા એટલેકે શાળામાં પ્રત્યક્ષ બોલાવીને લેવાતી પ્રથમ સત્રાંત નિદાન કસોટી હાલ પુરતી મોકુફ રાખવામાં આવે છે. જેની જાણ તમામ વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને આજે જ કરવા જણાવવામાં આવે છે.

**૧૦ એપ્રિલ-૨૦૨૧ સુધી ઓનલાઈન હોમલર્નિગ એજયુકેશન ચાલુ રહેશે જે અંગેની અલગથી સૂચનાઓ આપવામાં આવશે.**

મ્યુનિ. સ્કૂલ બોર્ડની જુદી જુદી પાળીઓમાં ચાલતી તમામ શાળાઓનો સમય સવારપાળીનો એટલે કે ૭-૨૦ થી ૧૨-૩૦ નો કરવા જણાવવામાં આવે છે. સાથે સાથે નીચેની સૂચનાનો ચૂસ્તપણે અમલ કરવો.

- તા.૧૯-૦૩-૨૦૨૧ થી ધો.૬ થી ૮ની બાકી રહેતી એકમ કસોટીના પ્રશ્નપત્રો ઉત્તરવહી સહિત અમદાવાદ શહેરના રોજે રોજ જાહેર કરવામાં આવતા માઈક્રોકન્ટેનમેન્ટ એરીયા સિવાયના વિદ્યાર્થીઓના ઘરે પહોંચાડવાના રહેશે અને ધો.૩ થી ૫ અને ધો.૬ થી ૮ની ઉત્તરવહીઓ પરત મેળવવા માટે હવે પછીથી જણાવવામાં આવશે. કોઈપણ સંજોગોમાં બાળકોને શાળામાં બોલાવવાના રહેશે નહી.
- જે મ્યુનિ. શાળાઓમાં વેકસીનેશન કેન્દ્રો ચાલે છે તેવી શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓએ વેકસીનેશનની કામગીરી વ્યવસ્થિત રીતે ચાલે તે માટે પુરતી કાળજી વ્યવસ્થા સાથે જરૂરી સહયોગ આપવાનો રહેશે.
- જે-તે ઝોનના મદદનીશ શાસનાધિકારીશ્રી દ્વારા ઝોનના તમામ અર્બન હેલ્થ સેન્ટર પર ૩-૩ શિક્ષકોને કામગીરી અર્થે મોકલે તેવા શિક્ષકશ્રીઓએ તા.૧૯-૦૩-૨૦૨૧ થી બીજી સૂચના ન મળે ત્યાં સુધી ૮-૪૫ થી ૫-૦૦ વાગ્યા સુધી ફરજ બજાવવાની રહેશે.

તા.૧૮-૦૩-૨૦૨૧

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી